| ફોજદારી કેસ નંબર:–86589 | વર્ષ:–2023 |
| --- | --- |

## <u>આંક–૧ લગત હુકમ</u>

આજ રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં મુખ્ય મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના કચેરી આદેશ મુજબ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીંટીગનું આયોજન કરવામાં આવેલ છે.

(૧) સાંભળ્યા. કેસ પેપર્સ ધ્યાને લીધા. તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસના અંતે આરોપી વિરુધ્ધ હાલનુ ચાર્જશીટ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫(૧) અન્વયે અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) ગુજરાત પોલીસ એકટ અધિનીયમ તે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટેનો છે તેનો એક ઉદેશ્ય તાત્કાલીક નિવારાત્મક પગલા લેવાનો રહેલ છે અને તે માટે ઓન ધ સ્પોટ વોરન્ટ વગર અધિકૃત ઓથોરીટીના હુકમનો ભંગ કરનારની ધરપકડ પણ કરી શકાય છે જો આવી સતા આપવામાં આવેલી ના હોયતો નિવારાત્મક પગલાઓ યોગ્ય રીતે લઈ શકાતા નથી આથી પોલીસ ઓથોરીટીને આ કાયદામાં હુકમનો ભંગ કરનાર ની ધરપકડ કરવાની સત્તા આપવામાં આવેલી છે પંરતુ પોલીસ ઓથોરીટી ને ધરપકડની સતા હોય તેટલા માત્રથી કોઈ ગુન્હો કોગ્નીઝેબલ બની જતો નથી જો કાયદામાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી હોય તોજ ગુન્હો કોગ્નીઝેબલ બને છે અને જો કાયદામાં આ બાબતે કોઈ જોગવાઈ કરવામાં આવેલી ના હોય ત્યારે સી.આર.પી.સી.ની કલમ–૪ ની સામાન્ય જોગવાઈઓ લાગુ પડે છે. ગુજરાત પોલીસ એકટની કલમ ૯૦(એ),૧૧૮,૧૪૩(બી)માં દર્શાવ્યા મુજબના ગુન્હાઓ કોગ્નીઝેબલ ગુન્હાઓ રહેલા છે તે સીવાય ના તમામ ગુન્હાઓ બાબતે કોઈ સ્પેશીફીક જોગવાઈ કરવામાં આવેલી ના હોય આથી સી.આર.પી.સી.ની કલમ–૪ની જોગવાઈ લાગુ પડે છે.

(૩) સી.આર.પી.સી.ની કલમ–૪ માં ભારતના ફોજદારી અધિનીયમ અને બીજા કાયદા હેઠળના ગુન્હાઓની ઈન્સાફી કાર્યવાહી બાબતે જણાવવામાં આવે છે જેમાં કલમ–૪(૨) મુજબ બીજા કોઈ કાયદા હેઠળ ના તમામ ગુન્હાઓની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી આજ જોગવાઈઓ અનુસાર પરંતુ એવા ગુન્હાની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી કે અન્ય પ્રકારની કાર્યવાહી કરવાની રીત અથવા તેના સ્થળ સંબંધી તે સમયે અમલમાં હોય તે અધિનીયમને આધીન રહીને કરવામાં આવશે. એટલે કે જો સ્પેસીફીક કાયદામાં કોઈ જોગવાઈ કરવામાં આવેલ હોય તો તે મુજબ કાર્યવાહી કરવામાં આવે છે અન્યથા સી.આર.પી.સી. ની જોગવાઈ લાગુ પડે છે.

(૪) હાથ પર રહેવા કેસ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫(૧) અન્વયેનો છે. આ કાયદામાં આ ગુન્હો કોગ્નીઝેબલ છે કે નોન કોગ્નીઝેબલ છે તેવી કોઈ સ્પષ્ટ જોગવાઈ આ કાયદામાં કરવામાં આવેલ નથી. આથી આ ગુન્હાને સી.આર.પી.સી.ના શેડયુલ–૨ માં દર્શાવ્યા મુજબની જોગવાઈ લાગુ પડે છે. ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫(૧) ના ગુન્હામાં સજાની જોગવાઈ જોવામાં આવે તો એક વર્ષ સુધીની સજાની જોગવાઈ રહેલી છે આથી સી.આર.પી.સી.ના શેડીયુલ–૨ જોતા આ ગુન્હો નોન કોગ્નીઝેબલ ગણાય છે અને નોન કોગ્નીઝેબલ ગુનાની તપાસ સી.આર.પી.સી.ની કલમ ૧૫૫(૨)

મુજબ મેજીસ્ટ્રેટના હુકમ વગર કરી શકાતી નથી તેવી સ્પષ્ટ કાયદાકીય જોગવાઈ રહેલી છે હાલના કેસમાં પોલીસે આવી કોઈ પરવાનગી લીધેલ હોય તેવું રેકર્ડ જોતા જણાઈ આવતુ નથી.

(૫) નામદાર ગુજરાત હાઈકોર્ટે ગુજરાત રાજય વિરુધ્ધ ભીમજી માનજી ૧૯૬૮ ક્રિમીનલ લો ઝનરલ પેઝ નંબર–૧૫૬, કેશવલાલ ઠાકુર વિરુધ્ધ બીહાર રાજય ૧૯૯૬ (૧૧) એસ.સી.સી. પેઝ– નં.૫૫૭, મોઈનબસા હાજી અબ્દુલ ગફુર વિરુધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક ૨૦૧૪ લો–સ્યુટ (કર્ણાટકા) પેઝ નંબર ૨૦૪૮, જયોત્સનાબેન વિરુધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીલન્સ એપ્લીકેશન નં બર ૧૫૨૨૬/૨૦૦૭,શીવાનંદ ગીરધર નાયક વિરુધ્ધ સિનીયર પોલીસ ઈન્સપેકટર ૨૦૦૦ (૦)ક્રિ.લો.જ.તેમજ પાઉલરાજ જોસેફ વિરુધ્ધ મહારાષ્ટ્ર રાજયના કેસ લો માં હેલ્ડ કરવામાં આવેલ રેસીયો ધ્યાને લેતા બોમ્બે/ગુજરાત પોલીસ એકટ કલમ ૯૦(એ),૧૧૮અને ૧૪૩(બી) સીવાયના ગુન્હાઓ નોન કોગ્નીઝેબલ ગુન્હાઓ રહેલ છે. હાલનો કેસ તે કલમ–૧૩૫(૧) નો ગુન્હો હોય સદર ગુન્હામાં કરવામાં આવેલી સજાની જોગવાઈના સંર્દભમાં સી.આર.પી.સી.ના શેડીયુલ નંબર–૨ જોવામાં આવે તો તે સ્પષ્ટપણે નોન કોગ્નીઝેબલ ગુનો બને છે. સદર કેસમાં સી.આર.પી.સી.ની કલમ ૧૫૫(૨) ની કોઈ પરવાનગી લેવામાં આવેલ નથી. આમ છતા જો આ કાર્યવાહી ચલાવવામાં આવે તો તે એબયુઝ ઓફ પ્રોસેસ ગણાય હકુમત વિહીન સમગ્ર કાર્યવાહી બને છે અને સી.આર.પી.સી.ની કલમ–૪૬૧ અન્વયેની એવી અનિયમીતસરતાઓ છે કે જેના થી સમગ્ર કાર્યવાહી દુષીત થાય છે અને આવી કાર્યવાહી શરુઆતથી નિરર્થક એટલે કે ***void abinitio*** બને છે અને આવી કાર્યવાહી પાછળ અદાલતના કોઈ સમય વ્યતીત કરી શકાય નહી. આથી નામદાર સુપ્રિમકોર્ટે તા.૨૫.૧૧.૨૦૧૪ ના રોજ કે.પ્રભાકર રાવ વિરુધ્ધ આંધ્રપ્રદેશ રાજયના ચુકાદામાં હેલ્ડ કરવામાં આવેલ રેસીયો ધ્યાન સમક્ષ રાખી સદર ગુન્હાની કાર્યવાહી બંધ કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલમાં જાહેર કરવામાં આવેલ છે.

**::: હુ ક મ :::**

– સી.આર.પી.સી.ની કલમ–૨૫૮ અન્વયે આરોપી વિરુધ્ધ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુન્હાની કાર્યવાહી બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

– અધિકૃત ઓથોરીટી કાયદા અનુસાર યોગ્ય કાર્યવાહી કરી આરોપી સામે ફરી કેસ દાખલ કરી શકે છે.

આ હુકમ આજ રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :–૦૯/૦૯/૨૦૨૩.
સ્થળ:–અમદાવાદ.

(કમલેશ એન.પ્રજાપતિ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯, અમદાવાદ.
(કોડ જીજે–૦૦૮૮૬)